# Provisional Eligibility Certificate (P.E.C.)

## વર્ષ ૨૦૨૧-૨૦૨૨

## Rules and Regulations for Online Application Form

1) શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માટે જે વિદ્યાર્થીઓને પી.ઈ.સી. માટેનું ફોર્મ ભરવાનું છે તેના માટેના નિયમો/સૂચનાઓ વગેરે યુનિવર્સિટીની વેબસાઈટ http://www.bknmu.edu.in પર અપલોડ કરવામાં આવશે તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

2) પી.ઈ.સી. માટેનું ફોર્મ ક્યારે ભરવું? તેમજ અન્ય કોઈ વિગત માટે અલગથી પૂછપરછ કરવી નહીં યુનિવર્સિટીની વેબસાઈટ પર ફોર્મ ભરવા અંગેની વિગત નિર્ણય થયે મૂકવામાં આવશે.

3) જે વિદ્યાર્થીઓએ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી / ગુજરાત બોર્ડમાંથી છેલ્લે અભ્યાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ પી.ઈ.સી. માટેનું ફોર્મ ભરવાનું રહેતું નથી, તેમ છતાં શરતચુકથી જો પી.ઈ.સી. માટેનું ફોર્મ ઓનલાઈન પેમેન્ટ સાથે ભરેલ હશે તો તે માટેની ફી રિફંડ થઈ શકશે નહીં.

4) અન્ય માન્ય યુનિવર્સિટી / બોર્ડમાંથી આ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવતા પહેલા પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ (પી.ઈ.સી.) લેવું ફરજીયાત છે.

5) પી.ઈ.સી. માટેના આવેદન પત્ર વિદ્યાર્થી વેબપોર્ટલ http://bknmu.gipl.net/Welcome.aspx માં જઈ સ્ટુડન્ટ કોર્નર ટૅબ માંથી Apply For PEC લિન્ક પરથી ભરી શકશે, તેમજ તે અંગેનું પેમેન્ટ પણ ઓનલાઇન જ કરવાનું રહેશે. અન્ય કોઈપણ પ્રકારનાં માધ્યમ દ્વારા ફી સ્વીકારવામાં આવશે નહિ. ફી એકવાર ભર્યા પછી કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી કે ભવિષ્યના હેતુ માટે અનામત રાખવામાં આવશે નહિ.

6) પી.ઈ.સી. અંગેની પ્રક્રિયા ઓનલાઈન હોય, વિદ્યાર્થી પાસે વેલીડ ઈ-મેઈલ આઈ.ડી. હોવું ફરજીયાત છે. અન્યથા પ્રમાણપત્ર મળી શકશે નહિ. પી.ઈ.સી. ફોર્મમાં વિદ્યાર્થીએ મોબાઇલ નંબર તથા ઈ-મેઇલ આઈડી સ્પષ્ટ દર્શાવવા, અન્ય કોઈનો મોબાઇલ નંબર કે ઈ-મેઇલ આઈડી જો ફોર્મમાં દર્શાવેલ હશે તો ફોર્મ સબમિટ થયા બાદ ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ અંગેની સઘળી જવાબદારી પી.ઈ.સી. ફોર્મ ભરનાર સંબંધિત વિદ્યાર્થીની રહેશે.

7) પી.ઈ.સી. ફોર્મ સાથે જરૂરી આધારો અપલોડ કરવા ફરજીયાત છે. આધારો અપલોડ ન કરેલ કે અધૂરા જોડેલ અથવા ખોટા આધારો અપલોડ કર્યેથી પી.ઈ.સી. અત્રેથી જારી ન થાય તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીની રહેશે તેમ જ તે માટેની ફી રિફંડ થઈ શકશે નહીં. આ અંગે યુનિવર્સિટીની કોઈ જ જવાબદારી રહેશે નહીં.

8) પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ અંગેની ફી રૂ. ૧૫૦/- નિયત કરવામાં આવેલ છે. ફી એકવાર ભર્યા પછી કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

9) વિદ્યાર્થીએ ફોર્મ તથા ફી ભર્યેથી કામકાજના દિવસ ૨ દરમ્યાન વિદ્યાર્થીએ ફોર્મ ભરતા સમયે જે ઈ-મેઈલ આઈડી દર્શાવેલ હશે તે ઈ-મેઇલ આઈડી માં ડિજિટલ નકલ ઈસ્યુ કરવામાં આવશે. જેથી વિદ્યાર્થીએ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ માટે યુનિવર્સીટી ખાતે આવવાનું રહેતું નથી.

10) જો કોઈ તકનીકી કે આકસ્મિક કારણો નહીં હોય તો પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ જેટલું શક્ય હશે તેટલું વહેલું આપવામાં આવશે.

11) ફોર્મ સબમિટ/સેવ અને પેમેન્ટ કર્યા પછી તે ફોર્મની પેમેન્ટ રીસીપ્ટ ની પ્રિન્ટ સાચવી રાખવી જરૂરી છે.

12) જો વિદ્યાર્થીને સફળતાપૂર્વક ફીની ચુકવણી બાદ પણ ચલણ ન બતાવતા હોય તો તેવા વિદ્યાર્થીઓએ ફરીથી પેમેન્ટ ના કરવું તેમજ ફી ભર્યેથી ૨૪ કલાક (૧ દિવસ) સુધી રાહ જોવી. ૨૪ કલાક (૧ દિવસ) બાદ ફરીથી એક વાર પોતાનું ફોર્મ ઓપન કરી ને જોવું જો તે સમયે પણ ફી ભર્યાનું ચલણ ન બતાવે તો તેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના મેઈલ આઇડી

pecfecexambknmu@gmail.com પર કામકાજ ના દિવસ દરમ્યાન મેઈલ કરવો. મેઈલ કરતી વખતે વિદ્યાર્થીઓએ પોતાનું નામ, સરનામું, મોબાઇલ નંબર તેમ જ સફળતાપૂર્વક ફીની ચુકવણી કરેલ છે તેના આધાર પુરાવા સાથે જોડવાના રહેશે.

13) જે વિદ્યાર્થીઓના પી.ઈ.સી. ફોર્મમાં **Payment Success** થયેલ હશે તેને જ પી.ઈ.સી. ઈશ્યુ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. પી.ઈ.સી. માટેનું ફોર્મ સબમિટ થયા બાદ વિદ્યાર્થીના શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨ થી વિદ્યાર્થીને પી.ઈ.સી. ઈ-મેઇલમાં ડિજિટલ નકલ ઈસ્યુ કરવામાં આવશે, જે નકલ વિદ્યાર્થી દ્વારા જે તે કોલેજમાં પ્રેવેશ માટે રજૂ કરવાની રહેશે તેમજ કોલેજ દ્વારા તે પી.ઈ.સી. ની ડિજિટલ પ્રિન્ટને માન્ય રાખી પ્રવેશ અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

14) કોલેજ ખાતે પી.ઈ.સી. જમા કરાવતી વખતે તમામ અસલ ડોકયુમેન્ટ સાથે રાખવા જરૂરી છે. તમામ અસલ ડોકયુમેન્ટની ચકાસણી કરવાની જવાબદારી કોલેજની રહેશે. જો કોલેજને વિદ્યાર્થી દ્વારા રજૂ કરવામાં આવેલ ડોકયુમેન્ટમાં શંકા જણાય તો સત્વરે પરીક્ષા વિભાગનો સંપર્ક કર્યા બાદ જ અને ખરાઈ કર્યા બાદ જ પ્રવેશ અંગેની કાર્યવાહી કરવી. વિદ્યાર્થીઓને યુનિવર્સિટી ખાતે કોઇપણ સંજોગોમાં મોકલવા નહી.

15) પી.ઈ.સી. સાથે અપલોડ કરવાના ડોક્યુમેન્ટની યાદી નીચે મુજબ છે:
   a) અન્ય યુનિવર્સિટી / બોર્ડમાંથી જે કોર્સ (પરીક્ષા)ના આધારે પી.ઈ.સી. કાઢવાનું થતું હોય તે કોર્સ (પરીક્ષા)ની માર્કશીટ (જો માર્કશીટની ઓનલાઈન (વેબ) કોપી હોય તો જે તે શાળા ના પ્રિન્સીપાલ ના સહી સિક્કા વાળી કોપી જોડવી)
   b) ધોરણ- ૧૨ ની માર્કશીટ (જો માર્કશીટની ઓનલાઈન (વેબ) કોપી હોય તો જે તે શાળા ના પ્રિન્સીપાલ ના સહી સિક્કા વાળી કોપી જોડવી)
   c) શાળા છોડયાનું પ્રમાણપત્ર
   d) સમકક્ષતાનું પ્રમાણપત્ર (જો લાગુ પડતું હોય તો)
   e) સ્નાતક કક્ષાની છેલ્લા સેમેસ્ટરની માર્કશીટ (જો માર્કશીટની ઓનલાઈન (વેબ) કોપી હોય તો જે તે કોલેજના પ્રિન્સીપાલ ના સહી સિક્કા વાળી કોપી જોડવી) (જો લાગુ પડતું હોય તો)
   f) અનુસ્નાતક કક્ષાની છેલ્લા સેમેસ્ટરની માર્કશીટ (જો માર્કશીટની ઓનલાઈન (વેબ) કોપી હોય તો જે તે કોલેજના પ્રિન્સીપાલ ના સહી સિક્કા વાળી કોપી જોડવી) (જો લાગુ પડતું હોય તો)
   g) જો એજ્યુકેશનલ ગેપ હોય તો સ્વ પ્રમાણિત બાંહેધરી પત્રક (જો લાગુ પડતું હોય તો)
   h) જો વિદ્યાર્થી સરકારી કર્મચારી હોય તો નોકરીદાતા તરફથી NOC પ્રમાણપત્ર (જો લાગુ પડતું હોય તો)

- જો એજ્યુકેશનલ ગેપ હોય તો સ્વ પ્રમાણિત બાંહેધરી પત્રક, PhD ના વિદ્યાર્થીઓ માટે Approval Letter Format from Guide તથા LLB ના વિદ્યાર્થીઓ માટે Affidavit for Age, વિદ્યાર્થીએ ઓનલાઈન ફોર્મ તથા ફી ભરવા અંગેની માર્ગદર્શિકા વિદ્યાર્થીએ રજૂ કરવા અર્થે પત્ર નો નમૂનો નીચેના જોડાણ મુજબ છે.

16) ધોરણ -૧૨ પાસ પછીના કોર્સ (After 12th Pass Course)

| **Sr No.** | **Course Name** | સાથે જોડવાના(અપલોડ) કરવાના ડોકયુમેટ<br>**Online Attached Document (Uploading) in PEC Form** |
|---|---|---|
| 1 | BA/BA(HS)/BCom/BBA/BSW/BCA/BRS/ BSc/BSc(HS)/BSc(IT)/BSc(FS) Semester-1 | **(1)** 10th (SSC) Marksheet<br>**(2)** 12th (HSC) Marksheet<br>**(3)** School Leaving Certificate<br>**(4)** SC/ST/SEBC/EWS Cast Certificate<br>**(5)** NOC Letter form Employer (If Govt. Employee) |

- ❖ જે તે કોર્સ માં એડમિશન મેળવવા માટે છેલ્લે અભ્યાસ કરેલ માર્કશીટ અપલોડ કરવી (જોડવી) ફરજિયાત છે.

17) ગ્રેજ્યુએટ પાસ પછીના કોર્સ (After Bachelor Degree Pass)

| **Sr No.** | **Course Name** | સાથે જોડવાના(અપલોડ) કરવાના ડોકયુમેટ<br>**Online Attached Document (Uploading) in PEC Form** |
|---|---|---|
| 1 | MA/MA(ECO)/MA(ENG)/ MA(GUJ)/MA(HIN)/MA(HIS)/ | **(1)** School Leaving Certificate<br>**(2)** Graduate Marksheet |

| | | |
|---|---|---|
| | MA(PSY)/MA(PHI)/MA(SAN)/MA(SOC)/MA(HS)/MSc/MSc(HS)/MSc(FS)/MSc(IT&CA)/MSc(BOT)/MSc(CHEM)/MSc(MATHS)/MSc(MICRO)/MSc(PHY)/MSc(ZOO)/MSW/ MCom/MRS | **(3)** SC/ST/SEBC/EWS Cast Certificate<br>**(4)** Minimum 45% for ST, SC, SEBC Category Students<br>**(5)** Minimum 50% for Open Category Students<br>**(6)** NOC Letter form Employer (If Govt. Employee) |
| 2 | PGDCA | **(1)** School Leaving Certificate<br>**(2)** Graduate Marksheet<br>**(3)** SC/ST/SEBC/EWS Cast Certificate<br>**(4)** NOC Letter form Employer (If Govt. Employee) |
| 3 | BEd | **(1)** School Leaving Certificate<br>**(2)** Eligible for PEC Course Marksheet (Graduate Marksheet OR Master Marksheet)<br>**(3)** SC/ST/SEBC/EWS Cast Certificate<br>**(4)** Admission Committee Order (SUCAB)<br>**(5)** Minimum 45% for ST, SC, SEBC Category Students<br>**(6)** Minimum 50% for Open Category Students<br>**(7)** NOC Letter form Employer (If Govt. Employee) |
| 4 | MEd | **(1)** School Leaving Certificate<br>**(2)** Eligible for PEC Course Marksheet (Graduate Marksheet OR Master Marksheet)<br>**(3)** SC/ST/SEBC/EWS Cast Certificate<br>**(4)** Admission committee Order (SUCAB)<br>**(5)** Minimum 45% for ST, SC, SEBC Category Students<br>**(6)** Minimum 50% for Open Category Students<br>**(7)** NOC Letter form Employer (If Govt. Employee) |
| 5 | LLB | **(1)** School Leaving Certificate<br>**(2)** Eligible for PEC Course Marksheet (Graduate Marksheet OR Master Marksheet)<br>**(3)** Attach Affidavit for Age more than 30 years for Other Students (Please check Annexure-III for your reference)<br>**(4)** Attach Affidavit for Age more than 35 years for ST/SC Category Students (Please check Annexure-III for your reference)<br>**(5)** SC/ST/SEBC/EWS Cast Certificate<br>**(6)** Minimum 40% for ST, SC Category Students<br>**(7)** Minimum 42% for SEBC Category Students<br>**(8)** Minimum 45% for Open Category Students<br>**(9)** NOC Letter form Employer (If Govt. Employee) |
| 6 | LLM | **(1)** School Leaving Certificate<br>**(2)** Eligible for PEC Course Marksheet (Graduate Marksheet OR Master Marksheet)<br>**(3)** SC/ST/SEBC/EWS Cast Certificate<br>**(4)** Minimum 45% for ST, SC, SEBC Category Students<br>**(5)** Minimum 50% for Open Category Students<br>**(6)** NOC Letter form Employer (If Govt. Employee) |
| 7 | PhD | **(1)** School Leaving Certificate<br>**(2)** Eligible for PEC Course Marksheet (Graduate and Master / M.Phil. Marksheet)<br>**(3)** SC/ST/SEBC/EWS Cast Certificate<br>**(4)** Approval Letter with Guide, Stamp and Signature (only for PhD Student) (Please check Annexure-II for your reference)<br>**(5)** NOC Letter form Employer (If Govt. Employee) |

❖ જે તે કોર્સ માં એડમિશન મેળવવા માટે છેલ્લે અભ્યાસ કરેલ માર્કશીટ અપલોડ કરવી (જોડવી) ફરજિયાત છે.

18) ડિપ્લોમા પાસ પછીના ડિગ્રી કોર્સ (After Diploma To Degree Course)

| Sr No | Course Name | સાથે જોડવાના(અપલોડ) કરવાના ડોકયુમેટ<br>**Online Attached Document (Uploading) in PEC Form** |
|---|---|---|
| 1 | BA/BA(HS)/BCom/ BSW/BBA/BCA/BRS/BSc/ BSc(HS)/BSc(IT)/BSc(FS) Semester-3 | **(1)** Diploma Last Pass Marksheet<br>**(2)** Diploma Degree Certificate<br>**(3)** SC/ST/SEBC/EWS Cast Certificate |

| | | |
|---|---|---|
| | | **(4)** 10th (SSC) Marksheet<br>**(5)** 12th Equivalent Certificate by Relevant Board<br>**(6)** School Leaving Certificate<br>**(7)** NOC Letter form Employer (If Govt. Employee) |

- ❖ જે તે કોર્સ માં એડમિશન મેળવવા માટે છેલ્લે અભ્યાસ કરેલ માર્કશીટ અપલોડ કરવી (જોડવી) ફરજિયાત છે.

19) આઈ.ટી.આઈ પાસ પછીના ડિગ્રી કોર્સ (After ITI To Degree Course)

| **Sr No** | **Course Name** | સાથે જોડવાના(અપલોડ) કરવાના ડોકયુમેટ<br>**Online Attached Document (Uploading) in PEC Form** |
|---|---|---|
| 1 | BA/BA(HS)/BCom/BSW/BBA/BCA/BRS/BSc/ BSc(HS)/BSc(IT)/BSc(FS)<br>Semester-1 | **(1)** ITI Last Pass Marksheet<br>**(2)** ITI Degree Certificate<br>**(3)** SC/ST/SEBC/EWS Cast Certificate<br>**(4)** 10th (SSC) Marksheet<br>**(5)** English Subject pass Marksheet in 12th (HSC)<br>**(6)** 12th Equivalent Certificate by Relevant Board<br>**(7)** School Leaving Certificate<br>**(8)** NOC Letter form Employer (If Govt. Employee) |

- ❖ જે તે કોર્સ માં એડમિશન મેળવવા માટે છેલ્લે અભ્યાસ કરેલ માર્કશીટ અપલોડ કરવી (જોડવી) ફરજિયાત છે.
- ❖ જરૂર પડે તો ફોર્મ સાથે અન્ય ડોકયુમેન્ટ પણ રજૂ કરવાના રહેશે.

20) વિદ્યાર્થીના પી.ઈ.સી. ફોર્મની ચકાસણી પરીક્ષા સેલ વિભાગ દ્વારા કરવામાં આવશે અને નીચે દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવામાં આવશે:

a) જો કોઈ વિદ્યાર્થી અગર સીધા જ સેમેસ્ટર-૩ માં પ્રવેશ લેવા માંગે છે તો તેમણે અગાઉના એટલે કે સેમેસ્ટર-૧ થી ૨ ફરજીયાત પાસ હોવા જરૂરી છે.

b) જો કોઈ વિદ્યાર્થી અગર સીધા જ સેમેસ્ટર-૫ માં પ્રવેશ લેવા માંગે છે તો તેમણે અગાઉના એટલે કે સેમેસ્ટર-૧ થી ૪ ફરજીયાત પાસ હોવા જરૂરી છે.

c) ધો. ૧૦ પાસ કર્યા પછીના ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષના ડિપ્લોમા કોર્સ પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને BA, BCom, BCA, , BSc, BSc (IT), BSc (HS), BRS, BSW ના ત્રીજા સેમેસ્ટરમાં પ્રવેશ આપવાનો રહેશે જેના માટે વિદ્યાર્થીએ પી.ઈ.સી. મેળવવું ફરજિયાત છે.

d) ધો. ૧૦ પાસ કર્યા પછી બે કે તેથી વધુ વર્ષનો આઈ.ટી.આઈ., એન.સી.વી.ટી., જી.સી.વી.ટી. ની પરીક્ષા પાસ કરેલ હોય અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અથવા ગુજરાત ઓપન સ્કુલ એકઝામિનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને BA, BCom, BBA, BCA, BSc, BSc (IT), BSc (HS), BRS, BSW નાં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ આપવાનો રહેશે જેના માટે પી.ઈ.સી. લેવાનું રહેશે જેની ખાસ નોંધ લેશો.

e) વિદ્યાર્થીએ છેલ્લે અભ્યાસ ફોરેન યુનિવર્સિટીમાંથી કરેલ હોય તો તેવા વિદ્યાર્થીઓએ Association of Indian Universities (A.I.U.) માંથી સમકક્ષતા પ્રમાણપત્ર મેળવી તે રજૂ કરવાનું રહેશે.
(www.aiu.ac.in → Equivalence → Equivalence of Degree)

21) વિદ્યાર્થી દ્વારા જે કોર્સ માટે પી.ઈ.સી. મેળવેલ હોય તે કોર્સ ને બદલે અન્ય કોર્સમાં જો પ્રવેશ મેળવવાનો હોય તો તે માટે અગાઉ મેળવેલ ઓરિજનલ પી.ઈ.સી. પરીક્ષા સેલ વિભાગમાંથી રદ કરાવવાનું રહેશે અને તે ફી રિફંડ મળવાપાત્ર નથી તેમજ ત્યારબાદ અન્ય કોર્સ માટે પી.ઈ.સી. ફોર્મ ભરવાનું રહેશે. તેમજ ફોર્મમાં દર્શાવેલ કોલેજ સિવાયની અન્ય કોલેજમાં પ્રવેશ મેળવે તો તે અંગેની પણ લેખિતમાં જાણ પી.ઈ.સી. ની નકલ સામેલ રાખી પરીક્ષા સેલ વિભાગમાં કરવાની રહેશે.

22) વિદ્યાર્થીએ પી.ઈ.સી. મેળવ્યા બાદ કોઈપણ કારણોસર પ્રવેશ મેળવેલ ન હોય તો તેવા સંજોગોમાં મેળવેલ ઓરિજનલ પી.ઈ.સી. પરીક્ષા સેલ વિભાગમાં જમા કરાવવાનું રહેશે તેમજ તે માટે ભરેલ ફી રિફંડ મળી શકશે નહીં.

23) પી.ઈ.સી. મેળવનાર વિદ્યાર્થીને પી.ઈ.સી. કાઢયાની તારીખથી ૪૫ દિવસની અંદર યુનિવર્સિટી પરીક્ષા સેલમાં જે તે કોલેજ માં પ્રવેશ મેળવવા સમયે ભરેલ ફી ની રીસીપ્ટ, ઓરિજનલ માઈગ્રેશન સર્ટિફિકેટ તથા પી. ઈ. સી. ની નકલ રજૂ કરી ફાઇનલ

એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવી લેવાનું રહેશે.

24) જે યુનિવર્સિટી / બોર્ડમાં અરજદાર છેલ્લે અભ્યાસ કર્યો હોય તે યુનિવર્સિટી / બોર્ડના રજીસ્ટ્રાર / મંત્રીશ્રીનું આ યુનિવર્સિટીમાં આગળ અભ્યાસ કરવાની પરવાનગી આપેલ છે તે બાબતનું પ્રમાણપત્ર ((માઈગ્રેશન સર્ટિફિકેટ )અસલ પ્રમાણપત્ર) પાછું આપવામાં આવશે નહીં.

25) માઈગ્રેશન સર્ટિફિકેટ જમા કરાવવા અંગેની સૂચના:
   a) જે વિદ્યાર્થી પી.ઈ.સી. મેળવે તેઓએ અગાઉના બોર્ડ/યુનિવર્સિટીનું ઓરિજનલ માઈગ્રેશન સર્ટિફિકેટ પરીક્ષા વિભાગમાં જમા કરાવવું ફરજિયાત છે જેના માટેની ફી ની વિગત નીચે મુજબ છે:
      i. પી.ઈ.સી. કાઢયાની તારીખથી ૪૫ દિવસ સુધીમાં ઓરિજનલ માઈગ્રેશન સર્ટિફિકેટ જમા કરવવામાં આવ્યે કોઈ ફી લેવામાં આવશે નહીં.
      ii. પી.ઈ.સી. કાઢયાની તારીખથી ૪૫ દિવસ બાદ અને ૯૦ દિવસ સુધીમાં ઓરિજનલ માઈગ્રેશન સર્ટિફિકેટ જમા કરાવવામાં આવશે તો તે માટે લેટ ફી રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો) જમા કરાવવાના રહેશે, ત્યારબાદ તેને એફ.ઈ.સી. ઈસ્યૂ કરવામાં આવશે.
      iii. પી.ઈ.સી. કાઢયાની તારીખથી ૯૦ દિવસ બાદ જો ઓરિજનલ માઈગ્રેશન સર્ટિફિકેટ જમા કરાવવામાં આવે તો પેનલ્ટી ફી રૂ ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર) જમા કરવવાના રહેશે, ત્યારબાદ તેને એફ.ઈ.સી. ઈસ્યૂ કરવામાં આવશે.

26) વર્ષ ૨૦૨૧-૨૦૨૨ થી જે વિદ્યાર્થીઓ પી.ઈ.સી. મેળવે તેવા વિદ્યાર્થીઓએ ઓરિજનલ માઈગ્રેશન સર્ટિફિકેટ તેમજ જે વિદ્યાર્થીઓને માર્કશીટ વેરિફિકેશનનો આધાર રજૂ કરવાનો થતો હોય તેવા વિદ્યાર્થીઓ દ્વારા જ્યાં સુધી એફ.ઈ.સી. મેળવવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં નહીં આવે ત્યાં સુધી તેમનું પરિણામ અનામત રાખવામાં આવશે.

27) યુનિવર્સિટી દ્વારા વખતો વખત કોઈ ફેરફાર કરવામાં આવે તે વિદ્યાર્થીને તેમજ કોલેજને બંધનકર્તા રહેશે.

**ખાસ નોંધ**: વર્ષ ૨૦૨૧-૨૦૨૨ થી પી.ઈ.સી. માટે વિદ્યાર્થીએ યુનિવર્સિટી કક્ષાએ આવવાનું રહેશે નહીં, વિદ્યાર્થીને પી.ઈ.સી. ઈ-મેઇલમાં ડિજિટલ નકલ ઈસ્યુ કરવામાં આવશે જેની પ્રિન્ટ મેળવી વિદ્યાર્થીએ પ્રવેશ અંગેની કાર્યવાહી કરવાની રહેતી હોય જ્યારે વિદ્યાર્થી દ્વારા પી.ઈ.સી. માટેનું ફોર્મ ભરવામાં આવે ત્યારે મોબાઇલ નંબર અને ઈ-મેઈલ આઈડી સ્પષ્ટ દર્શાવવાના રહેશે, કોલેજના સ્ટાફનો કે કોલેજનો કે અન્ય કોઈના મોબાઇલ નંબર અને ઈ-મેઈલ આઈ.ડી. ફોર્મમાં દાખલ કરવા નહીં, ફોર્મ સબમિટ થયા બાદ કોઈ ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

28) પી.ઈ.સી. ફોર્મ ભરતા સમયે કોઈ ટેકનિકલ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે માટે યુનિવર્સિટીના ફોન નં.: ૦૨૮૫૨૬૮૧૪૦૦ પર અથવા ઈ-મેઈલ આઇડી pecfecexambknmu@gmail.com પર કામકાજ ના દિવસો દરમ્યાન સંપર્ક કરવાનો રહેશે.

29) પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ (પી.ઈ.સી.) અને ફાઇનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ (એફ.ઈ.સી.) મેળવ્યા બાદ કોઈપણ કારણોસર ભવિષ્યમાં રદબાતલ કરવાનું થશે તો વિદ્યાર્થી દ્વારા આપવામાં આવેલ તમામ પરીક્ષાઓ, ડિગ્રી તેમજ અન્ય તમામ સર્ટિફિકેટ રદ કરવા અંગેનો આખરી નિર્ણય કરવાનો અધિકાર યુનિવર્સિટીને અબાધિત રહેશે જે વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.

30) ફ્રોડ માર્કશીટ / ફ્રોડ બોર્ડ / ફ્રોડ માઈગ્રેશન સર્ટિફિકેટ / ફ્રોડ માર્કશીટ વેરિફિકેશન અંગેનો જે તે બોર્ડ / યુનિવર્સિટીનો પત્ર કોઈ વિદ્યાર્થીનો માલૂમ પડશે તો તેને આપવામાં આવેલ પી.ઈ.સી. તાત્કાલિક રદ કરવામાં આવશે તેમ જ તે અંગે ભવિષ્યમાં કોઈ કાનૂની કાર્યવાહી થાય તો તેની તમામ જવાબદારી વિદ્યાર્થીની રહેશે અને તેના માટે યુનિવર્સિટી સામે કોઈ દાવો માંડી શકશે નહીં.

# Annexure-I

## Educational Gap

### Self-Declaration

**નામ:**

**સરનામું:**

**મોબાઈલ નંબર:**

**તારીખ:**

## <u>બાંહેધરી પત્રક</u>

આથી હું ________________________________________ આ સાથે બાંહેધરી આપું છું કે, મેં પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ (પી.ઈ.સી.) મેળવવા માટે મારી માર્કશીટ તથા જરૂરી પ્રમાણપત્રો આ સાથે આપેલ છે, તે પ્રમાણપત્રોની ખરાય કરતા કોઈપણ પ્રમાણપત્ર વાંધાજનક સાબિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે. તથા મેં લીધેલ એડમીશન કોલેજ / યુનિવર્સીટી માંથી રદ કરી કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે તો તેનો હું સ્વીકાર કરીશ. મેં વર્ષ ____________ પછી કોઈ પણ અભ્યાસક્રમમાં / અન્ય યુનિવર્સીટીમાં પ્રવેશ લીધેલ નથી.

____________________

આપનો વિશ્વાસુ

# Annexure-II

## Approval Letter Format from Guide

**(Only for Ph.D. Student)**

Mr./Mrs./Ms. ________________________________________________is admitted in ____________________ Class on [date]_____________________. The reason for issuing eligibility certificate as a special case after the expiry of one month from the beginning of concerned Academic Term are as under.

The University will not be responsible for any situations, if arises in future in respect of the appearance at the examination, due to incomplete attendance of the above student.

Date: ___________________

Rubber Stamp of the College or the University Department

Signature of the Principal-Head [College]University Department

Or

Signature of the Guide [For Ph.D. Students]

# Annexure-III

## :: સોગંદનામું ::

### (Only for LLB Students)

આથી હું આ નીચે સહી કરનાર_______________________________________________ ઉ.વ. આ.____________________ રહે. _______________________________________________તે આથી, મારી સત્ય અને ધર્મ પ્રતિજ્ઞા જાહેર કરું છું કે, સેમેસ્ટર-૧ એલ.એલ.બી. માં એડમિશન લેવા માટે અરજી કરેલ છે.

લીગલ એજ્યુકેશન રૂલ્સ ૨૦૦૮ દ્વારા એલ.એલ.બી. ના કોર્સ માટે બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા તા. ૨૭/૦૩/૨૦૦૯ ના ચોક્કસ વયમર્યાદા જેમાં મહત્તમ વયમર્યાદા જનરલ કેટેગરી માટે ૩૦ વર્ષ અને અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિ માટે ૩૫ વર્ષ નક્કી કરવામાં આવેલ જે વયમર્યાદા સને ૨૦૧૩ માં દુર કરવામાં આવેલ. ત્યારબાદ તેને ફરીથી રિસ્ટોર કરવા માટે હુકમ કરવામાં આવેલ. પરંતુ વર્તમાન સમયમાં રીશભ દુગ્ગલ અને બીજાઓ દ્વારા સુપ્રીમકોર્ટની ડીવીઝન બેન્ચના જસ્ટિસશ્રી એસ.એ.બોબુદ અને શ્રી એલ. નાગેશ્વર રાવનાઓ સમક્ષ બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની મહત્તમ વયમર્યાદા નક્કી કરતાં તા. ૧૭/૦૯/૨૦૧૬ ના બીસીઆઇ/૧૫૧૯ (એલ.ઇ.સરક્યુલર)-૬ ના નોટિફિકેશનને પડકારતા નામ. સુપ્રીમકોર્ટની ડીવીઝન બૅન્ચ દ્વારા બાર કાઉન્સિલના લોના અભ્યાસ માટેની વયમર્યાદા નક્કી કરતું નોટિફિકેશન સ્ટે કરવામાં આવેલ. જે અનુસંધાને હાલમાં મને ____________________________________________________________કોલેજમાં અભ્યાસ માટે એડમિશન આપવામાં આવેલ છે. પરંતુ હાલ કે ભવિષ્યમાં સુપ્રીમ કોર્ટ દ્વારા આ વયમર્યાદાને અનુલક્ષીને કોઈપણ ફેરફાર થશે તો તે મને કબુલ મંજુર રહેશે અને વયમર્યાદાને લઈને જે કોઈ અદાલત દ્વારા જે કોઈ નિર્ણય આવશે તે મને કબુલ મંજુર રહેશે. આ અંગે કોલેજ અને યુનિવર્સિટી જવાબદાર રહેશે નહીં.

ઉપરોક્ત તમામ હકીકત ખરી અને સત્ય હોય સોગંદ ઉપર જાહેર કરું છું.

તા.    /    /૨૦


*________________________

# Annexure-IV

## વિદ્યાર્થીએ ઓનલાઈન ફોર્મ તથા ફી ભરવા અંગેની માર્ગદર્શિકા

1) સૌપ્રથમ વિદ્યાર્થીએ યુનિવેર્સિટીના વેબપોર્ટલ http://bknmu.gipl.net/Welcome.aspx માં જઈ સ્ટુડન્ટ કોર્નર ટેબ માંથી Apply For PEC લિન્ક પર ક્લિક કરવું.

2) ત્યારબાદ જો વિધ્યાર્થી પ્રથમ વખત Apply થતો હોય તો તેણે Have You Already Filled Online Application? માં No ઓપશન સિલેક્ટ કરવું. ત્યાબાદ Program તથા Semester જેવી વિગતો ભરી જરૂરી ડોક્યુમેન્ટ અપલોડ કરી Save & Pay બટન પર ક્લિક કરવું.


Bhakta Kavi Narsinh Mehta University
Recognized by a 'State University', Under Gujarat Act No. 23 of 2015

Academic Year :

Provisional Eligiblity Certificate Application Form

Note : Fields with *are mandatory.

Have You Allready Filled PAEC Applicatoin ? ○Yes ◉No

* Program : --Select--

* Semester : --Select--

Fees :

**Personal Details**

Surname : Surname
* First name : First name
Middle name : Middle name
Permanent Address : Permanent Address
Postal Address : Postal Address
City : City
City : City
Pincode : Pincode
Pincode : Pincode
Taluka : Taluka
Taluka : Taluka
State : State
State : State
Is Both Address Same ○Yes ◉No
Date Of Birth : Age (years):
Program Type : --Select--
* Gender : ◉Female ○Male
* Category : --Select--
Nationality : INDIAN
NRI : ○Yes ◉No
* Mobile Number : Mobile No.
* Email : Email

**Last Qualifying Examination Details**

+ Add new record — Refresh

| SrNo | Course | Passing Month Year | UniversityName | School/College Name | Subjects | Total Marks | Obtained Marks | Program Years | Percentage | Grade | Class | Delete | Edit |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| No records to display. | | | | | | | | | | | | | |


Choose any ○Regular ○ITI ○DIPLOMA
Is Government Employees? ○Yes ◉No
Is Age More than Criteria ? ○Yes ◉No
Do you have academic Gap ? ○Yes ◉No

આથી હું જાહેર કરું છું કે ઉપરોક્ત આપવામાં આવેલ માહિતી મારી જાણ મુજબ સંપૂર્ણપણે સાચી છે અને એડમિશન બાબતે ભવિષ્યમાં જો કોઈ વિસંગતા જણાશે તો આ અંગેનો આખરી નિર્ણય શ્રી ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી નો રહેશે જે મને સ્વીકાર્ય રહેશે. ☑

Save & Pay

Designed & Developed by Guj Info Petro Limited.

3) ત્યારબાદ વિદ્યાર્થી પેમેન્ટ ઓપશન ૧) Cards (Credit/Debit), ૨) Net Banking, 3) Scan and Pay એમ ત્રણ વિકલ્પમાંથી ગમે તે વિકલ્પ દ્વારા ફી ની ચુકવણી કરી શકશે. અન્ય કોઈપણ પ્રકારનાં માધ્યમ દ્વારા ફી સ્વીકારવામાં આવશે નહિ.





4) જો વિદ્યાર્થીની સફળતાપૂર્વક ફીની ચુકવણી થઇ હશે તો વિદ્યાર્થીને Your Transaction Status is: Success Message આવશે તેમ જ Print Fee Receipt Button બતાવશે. જેના પર ક્લિક કરતાં વિદ્યાર્થી તેની ફીની ચલણ ની સોફ્ટ કોપી ડાઉનલોડ કરી શકશે.

5) જો વિદ્યાર્થીની સફળતાપૂર્વક ફીની ચુકવણી થઇ હશે નહી તો વિદ્યાર્થીને Your Transaction Status is: failure Message આવશે તેમ જ વિદ્યાર્થીનો એપ્લિકેશન નંબર આવશે.




6) જો વિદ્યાર્થીએ એક વાર ફોર્મ ભરેલ હોય અને ફી ભરેલ ના હોય તો Have You Already Filled Online Application? માં Yes ઓપશન સિલેક્ટ કરવું. ત્યાબાદ Pay બટન પર ક્લિક કરવું.



Bhakta Kavi Narsinh Mehta University
Recognized by a 'State University', Under Gujarat Act No. 23 of 2015

Academic Year :

Provisional Eligiblity Certificate Application Form

Note : Fields with *are mandatory.

Have You Allready Filled PAEC Applicatoin ? Yes No

* Program : [redacted]

* Semester [redacted]

Fees : 150

Please Enter PAEC Application Form No [redacted]

**Personal Details**

Surname : Surname

* First name : [redacted]

Middle name : Middle name

Is Age More than Criteria ? Yes No

Payment Status : **Not Received**

Pay

Designed & Developed by Guj Info Petro Limited.

7) જો વિદ્યાર્થીને સફળતાપૂર્વક ફીની ચુકવણી બાદ પણ Payment Receipt ન બાતાવે તો તેવા વિદ્યાર્થીઓએ ફરી વખત Payment ના કરવું તેમ જ ૨૪ કલાક (૧ દિવસ) સુધી રાહ જોવી. ૧ દિવસ બાદ ફરી પોતાનું ફોર્મ ઓપન કરી Have You Already Filled Online Application? માં Yes ઓપશન સિલેક્ટ કરી પોતાની જરૂરી વિગતો ભરી પોતાનું ફોર્મ ઓપન કરવું. તેમાં નીચે Download Receipt પર ક્લિક કરવું જેથી વિદ્યાર્થી તેની Payment Receipt ડાઉનલોડ કરી શકશે.